## માતા યશોદા એવોર્ડ

આ યોજના અંતર્ગત આંગણવાડી કાર્યકર તેમ જ તેડાગર બહેનોની કામગીરીમાં પ્રોત્સાહન માટે ફરજ દરમિયાન તેઓ દ્વારા કરવામાં આવેલ શ્રેષ્ઠ કામગીરી બદલ આ એવોર્ડ આપવામાં આવે છે.

- રાજ્ય કક્ષાના એવોર્ડ અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી કાર્યકરને રૂ.૫૧૦૦૦ અને શ્રેષ્ઠ કામગીરી કરનાર તેડાગર બહેનને રૂ.૩૧૦૦૦ એવોર્ડ રકમ આપવામાં આવે છે
- જયારે જિલ્લા તેમ જ મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાના એવોર્ડમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી કાર્યકરને રૂ.૩૧૦૦૦ અને તેડાગર બહેનને રૂ.૨૧૦૦૦ એવોર્ડ રકમ આપવામાં આવે છે.
- તાલુકા તેમ જ નગરપાલિકા કક્ષાએ આંગણવાડી કાર્યકરને રૂ.૨૧૦૦૦ અને તેડાગર બહેનને રૂ.૧૧૦૦૦ એવોર્ડ રકમ આપવામાં આવે છે.

**આ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અંતર્ગત રૂ.૧૧.૦૭ લાખની જોગવાઈ સૂચવેલ છે**

**વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૬૪૮ રાજય, જિલ્લા તેમજ તાલુકા કક્ષાની આંગણવાડી કાર્યકરોને એવોર્ડ આપેલ છે.**

**સંપર્ક : ચીફ ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર (સીડીપીઓ) / નિયામકશ્રી, આઈસીડીએસ (મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર)**